# BUSINESS મિત્ર

## રોકાણકારોની સંપત્તિમાં રૂ. 38000 કરોડની વૃદ્ધિ થવા પામી

# મેટલ શેરોની આગેવાની હેઠળ ભારતીય શેરબજાર નજીવા સુધારા સાથે બંધ રહ્યું

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 18:** ભારતયી શેરબજારમાં આજે બેઉતરફી ઉતારચઢાવ સાથે નજીવા સુધારા સાથે બંધ રહ્યા હતા. આજે સેક્ટર વાઇઝ જોઇએ તો મેટલ, ઓટો, ફાર્મા અને કોમોડીટીઝ શેરોમાં તેજી જોવા મળી હતી. જ્યારે કન્ઝુયમર ડયુરેબલ અને આઇટી શેરોમાં વેચવાલી જોવામળી હતી. બ્રોડર માર્કેટ સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્મોલકેપ શેરો સપાટ રહ્યા હતા.

બ્રોડર માર્કેટ અને લાર્જકેપ શેરોમાં તેજીના પગલે રોકાણકારોની સંપત્તિમાં ધીમો સુધારો જોવાયો હતો. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 38000 કરોડની વૃદ્ધિ થવા પામી છે. જેના લીધે બીએસઇની લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. 378.87 કરોડ વધ્યું હતું.

બીએસઇ 127 શેરોએ બાવન વીકની ઉંચાઇ હાંસલ કરી હતી. જ્યારે 52 શેરોએ બાવન વીકની નીચલા સ્તર પર બંધ રહ્યા હતા.

**સેન્સેક્સ 105 પોઇન્ટ અને નિફ્ટી 32 પોઇન્ટ સુધર્યા**

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 104.99 પોઇન્ટ એટલે કે 0.14 ટકા ઉછળીને 72748.42 પોઇન્ટ પર બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 72986 પોઇન્ટ સુધી ઉછળ્યા હતા, જ્યારે નીચામાં 72314 પોઇન્ટ સુધી ઘટયા હતા. નિફ્ટી 32.35 પોઇન્ટ એટલે કે 0.15 ટકા સુધરીને 22055.70 પોઇન્ટના સ્તર સુધી બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડે નિફ્ટી 22100 પોઇન્ટની સપાટી સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22000 પોઇન્ટની સપાટી તોડીને 21916 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક ફ્ટીમાં બેઉતરફી વધઘટ બાદ અંતે 18.20 પોઇન્ટ એટલે કે 0.04 ટકા ઘટીને 46575.90 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ડીસીએમ શ્રીરામ લિ.માં 3.09 ગણા, ઇસબ ઇન્ડિયામાં 2.44 ગણા, અદાણી પાવરમાં 1.84 ગણા, કોફોર્જમાં 1.8 ગણા, તાતા ઇન્વેસ્ટમેન્ટમાં 1.77 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ડીસીએમ શ્રીરામમાં 17.52 ગણા, એચએલઇ ગ્લાસકોટમાં 16.17 ગણા, ઝેન્સર ટેકનોમાં 3.24 ગણા, કોફોર્જમાં 2.97 ગણા અને એસકેએફ ઇન્ડિયામાં 2.61 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.04 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.07 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના પરિણામે માર્કેટ બ્રેડથ પણ પોઝિટિવ રહી હતી. બીએસઇ ખાતે 2006 શેરો સુધારા સાથે બંધ રહ્યા હતા. 1934 શેરો ઘટયા હતા અને 116 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મેટલ ઇન્ડેક્સ 2.49 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. છેલ્લા ત્રણ દિવસના ટ્રેડિંગમાં 4.57 ટકા પોઝિટિવ રહ્યા હતા. તાતા સ્ટીલ, એપીએલ અપોલો ટયુબ્સ, જિન્દાલ સ્ટીલ એન્ડ પાવર, રત્નમણિ મેટલ્સ, સેઇલ, જેએસડબલ્યુ સ્ટીલ, વેદાન્તા, એનએમડીસી, હિન્દુસ્તાન ઝીંક અને નેલ્કો સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે અદાણી એન્ટર, હિન્દુસ્તાન કોપર અને હિન્દાલ્કો ઘટયા હતા.

એનએસઇ એસએમઇ પ્રથમ ઇપીસી પ્રોજેક્ટમાં આઇપીઓનું આજે 51.07 ટકા પ્રીમિયમ સાથે રૂ. 113.30ના ભાવે લિસ્ટીગ થયું છે. જે આજે દિવસ દરમ્યાન રૂ. 118.95ના ભાવ સુધી ઉછળ્યો હતો. કંપનીએ રૂ. 75ના ભાવે ઓફર કર્યો હતો. કંપનીનો આઇપીઓ 118.83 ગણો છલકાયો હતો.

### રૂપિયો બે પૈસા ઘટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 18:** કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો બે પૈસા ઘટીને 82.91ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે 82.89ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 90.39, પાઉન્ડ 105.65, કેનેડિયન ડોલર 61.25, ઓસ્ટ્રેલિયન ડોલર 54.46, જાપાનીઝ યેન 0.5562, સીંગાપોર ડોલર 61.99ના સ્તરે બંધ રહ્યા હતા.

### મોટા ભાગના એશિયન બજારો સુધારા તરફી, યુરોપિયન બજારો પોઝિટિવ

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે મોટા ભાગના એશિયન બજારોમાં સુધારા સાથે બંધ રહ્યા હતા. ભવિષ્યના વૈશ્વિક વ્યાજદરના માર્ગની કડીઓ માટે આગામી સપ્તાહે યોજાનારી સેન્ટ્રલ બેન્કની નીતિના નિર્ણય પુર્વે યુરોપિયન બજારોમાં સુધારો જોવાયો હતો. બેન્ક ઓફ જાપાનના વ્યાજદર અંગેનો નિર્ણય આવતીકાલે થવાનો છે, જ્યારે ફેડરલ રિઝર્વ બુધવારે તેના વ્યાજદરની જાહેરાત કરનારો છે, તેની ઉપર બજારની નજર રહેલી છે. બીજી તરફ, ચીને 2024ના પ્રથમ બે મહિના માટે રિટેલ અને ફિક્સ્ડ એસેટ ઇન્વેસ્ટમેન્ટ માટે અપેક્ષા કરતા વધુ મજબૂત આંકડા નોંધાવ્યા હતા. રિટેલ વેચાણ 5.5 ટકા અને ઔદ્યોગિક ઉત્પાદન 7 ટકા વધ્યું હતું. ફેબ્રુઆરીમાં બેરોજગારી દર 5.3 ટકા હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.25 ટકા, કેક 0.22 ટકા અને ડેક્સ 0.30 ટકા સુધારા સાથે ચાલી રહ્યો છે. એશિયન બજારોમાં નીક્કી 2.60 ટકા, હેંગસેંગ 0.10 ટકા, તાઇવાન 0.99 ટકા, કોસ્પી 0.71 ટકા અને શાંઘાઇ 0.98 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.03 ટકા અને જકાર્તા 0.35 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 104.99 | 72748.42 |
| નિફ્ટી | 32.35 | 22055.70 |
| બેન્ક નિફ્ટી | -18.20 | 46575.90 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| તાતા સ્ટીલ | 5.65 | 149.70 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 3.14 | 1856.05 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 3.04 | 804.40 |
| તાતા મોટર્સ | 2.81 | 972.45 |
| અપોલો હોસ્પિટલ | 2.56 | 6136.55 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| તાતા કન્ઝ્યુમર | 2.08 | 1186.95 |
| ઇન્ફોસીસ | 1.92 | 1602.65 |
| યુપીએલ | 1.92 | 466.05 |
| ટીસીએસ | 1.58 | 4152.50 |
| ટાઇટન કંપની | 1.47 | 3579.70 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| તાતા સ્ટીલ | 5.69 | 149.60 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 3.05 | 1856.75 |
| જેએસડબલ્યુસ્ટીલ | 2.98 | 804.25 |
| તાતા મોટર્સ | 2.75 | 972.20 |
| સન ફાર્મા | 1.47 | 1570.35 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 1.99 | 1602.30 |
| ટીસીએસ | 1.72 | 4144.75 |
| ટાઇટન કંપની | 1.43 | 3581.00 |
| વિપ્રો | 1.25 | 510.35 |
| એચયુએલ | 1.20 | 2300.0 |

# બુધવારે યુએસ ફેડરલ રિઝર્વના નિર્ણય સાથે, બજારની અસ્થિરતા વધુ તીવ્ર થવાની ધારણા

**નિફ્ટી ફ્યુચર્સ : છેલ્લો બંધ 22135.50** ટેકનિકલી મોમેન્ટમ રેલી નિફ્ટી ફ્યુચર્સને 22220 માર્ક પર લઇ જશે, જો કે, આ સ્તરે તેને મુખ્ય પ્રતિકારનો સામનો કરવો પડશે. બુલિશ મોમેન્ટમને મજબૂત કરવા અને નિફ્ટી ફ્યુચર્સને 22350ના સ્તરે ઊંચો લઇ જવા માટે આ સ્તરથી ઉપરની મજબૂત રેલી જરૂરી છે. મુખ્ય ઇન્ટ્રાડે સપોર્ટ 22000 સ્તરે લઇ જવાનું અસ્તિત્વ ધરાવે છે. નીચે તરફની ડૂબકી ફરીથી વેચાણનું દબાણ લાવશે.

**ટાટા સ્ટીલ : છેલ્લો બંધ 149.85** શેરમાં નીચા સ્તરે ખરીદીનો રસ જોવા મળી રહ્યો છે. રૂ.145ના સ્તરે ચુસ્ત સ્ટોપ-લોસ સાથે નીચામાં ખરીદો. સ્ટોક રૂ.157 સુધી ઝૂમ કરી શકે છે, જો ક્રોસ થાય અને ઉપર રહે તો તેને રૂ.165 પર લઈ જશે..!!!

**ઇન્ડિગો : છેલ્લો બંધ 3256.10** શેરમાં લોંગ ટર્મ સુધી જઇ શકાશે. કારણ કે પ્રાઇસ એક્શન વધુ શોર્ટ કવરિંગ રેલીનો સંકેત આપે છે; સ્ટોપ-લોસ રૂ.3188 પર હોઇ શકે છે. અપર સાઇડ સ્ટોક રૂ.3323 પર ઝૂમ કરશે, ક્રોસ ઓવર તેને રૂ.3380 પર લઈ જશે..!!

**સીમેન્સ : છેલ્લો બંધ 4839.75** સ્ટોક તેજીની ગતિના સંકેતો દર્શાવે છે અને ટૂંકા ગાળાનું આઉટલૂક તેજી તરફ વળે છે, તે ઉપર તરફ વલણ ધરાવે છે અને આગામી ટ્રેડિંગ સત્રોમાં રૂ.4933 અને રૂ.5050ના ભાવ લક્ષ્યાંક સુધી પહોંચવાની સંભાવના ધરાવે છે. રૂ.4770 ના લાંબા સ્ટોપ લોસને જાળવી રાખો..!!!

**સ્ક્રીપ સ્કેન**
**સુનિલ બહેકી**

**ટાટા મોટર્સ : છેલ્લો બંધ 974.35** રૂ.952ના સ્ટોપ-લોસ સાથે તાજી લોંગ પોઝિશનની ભલામણ કરવામાં આવે છે. અપર સાઇડનો સ્ટોક રૂ.996 સુધી ઉછળશે, ક્રોસ ઓવર આને રૂ.1015 પર લઇ જશે..!!!

**ટાટા પાવર : છેલ્લો બંધ 393.20** રૂ.382ના સ્તરે સ્ટોપ-લોસ જાળવીને સ્ટોક ખરીદવા માટે ઇન્ટ્રાડે ઘટાડાનો ઉપયોગ કરો. અપર સાઇડનો સ્ટોક રૂ.402 પર ઝૂમ કરશે, ક્રોસ ઓવર તેને રૂ.410 માર્ક પર લઈ જશે..!!!

**બજાજ ઓટો : છેલ્લો બંધ 8510.70** તેજીની ગતિ પાછી મેળવતા, શેરે ઉપર તરફ વલણ શરૂ કર્યું છે અને એ તેને રૂ.8644 પર લઈ જશે, ક્રોસ ઓવર તેને રૂ.8780 માર્ક પર લઈ જશે. રૂ.8370ના લાંબા ગાળાના સ્ટોપ લોસને ધ્યાને રાખો..!!!

**મારુતિ : છેલ્લો બંધ 11644.65** એકંદરે આઉટલૂક સ્ટોક માટે બુલિશ છે અને તે આગામી ટ્રેડિંગ સેશનમાં રૂ.11809 અને રૂ.12000ના ભાવ લક્ષ્યાંક સુધી પહોંચવાની અને ઉપર તરફ વલણ ચાલુ રાખવાની સંભાવના ધરાવે છે. રૂ.11480ના લાંબા ગાળાના સ્ટોપ લોસને જાળવો.

**એબીબી : છેલ્લો બંધ 5770** આ સ્ટોક ઉપર તરફ વલણ ધરાવે છે અને આગામી સત્રોમાં રૂ.5895 અને રૂ.5990ના સ્તરના ભાવ લક્ષ્યાંક સુધી પહોંચવાની સંભાવના ધરાવે છે. ટ્રેડર્સ કડક સ્ટોપ-લોસ રૂ.5630 સાથે સ્ટોક ખરીદી શકે છે...!!!

**ઝાયડસ લાઇફ : છેલ્લો બંધ 995.10** રૂ.1016ના ઉપલા લક્ષ્ય માટે રૂ.977ના સ્ટોપ-લોસ સાથે તાજી લોંગ પોઝિશન શરૂ કરવાનું વિચારો, ક્રોસ ઓવર આને રૂ.1043 પર લઈ જશે..!!!

**નોંધ:** ભલામણો તકનીકી વિશ્લેષણ પર આધારિત છે. વેપારમાં નુકસાન થવાનું જોખમ છે.

# અદાણી ગ્રુપ આગામી નાણાકીય વર્ષમાં 1.2 લાખ કરોડનું રોકાણ કરશે

**નવી દિલ્હી, તા. 18:** અદાણી ગ્રુપ 1 એપ્રિલથી શરૂ થનારા આગામી નાણાકીય વર્ષ 2024-25માં પોતાનો બિઝનેસ વધારવા માટે રૂપિયા 1.2 લાખ કરોડથી વધુનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. આ રોકાણ એરપોર્ટ, એનર્જી, પોર્ટ, કોમોડિટી, સિમેન્ટ અને મીડિયા બિઝનેસમાં કરવામાં આવશે.

પીટીઆઈએ સૂત્રોના હવાલાથી જણાવ્યું છે કે ગ્રુપે આગામી 7-10 વર્ષમાં બિઝનેસ વધારવા માટે 100 અબજનું રોકાણ બમણું કરી દીધું છે. તે જ સમયે, નાણાકીય વર્ષ 2024-25 માટે અંદાજિત મૂડી ખર્ચ 2023-24ની તુલનામાં 40 ટકા વધારે છે. આ પહેલા ગ્રુપે આગામી 7થી 10 વર્ષમાં 100 અબજ ડોલરના મૂડી ખર્ચની જાહેરાત કરી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ રોકાણનો મોટાભાગનો હિસ્સો ઝડપથી વિકસતા વ્યવસાયો - નવીનીકરણીય ઉર્જા, ગ્રીન હાઈડ્રોજન, એરપોર્ટ અને બંદરોમાં કરવામાં આવશે. 70 ટકા મૂડી રિન્યુએબલ એનર્જી અને ગ્રીન હાઈડ્રોજન માટે રોકવામાં આવશે. જ્યારે 30 ટકા મૂડીમાંથી મોટા ભાગનો ખર્ચ એરપોર્ટ અને પોર્ટ માટે કરવામાં આવશે. અદાણી ગ્રુપ ગુજરાતના ખાવડામાં વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ પાર્ક બનાવી રહ્યું છે, જે 530 વર્ગ કિલોમીટરમાં ફેલાયેલું છે. આ વિસ્તાર પેરિસ શહેરના કદ કરતા 5 ગણો છે. સાથે જ અદાણી ગ્રુપ દેશનું સૌથી મોટું એરપોર્ટ ઓપરેટર છે. અહીં 7 એરપોર્ટ છે- જયપુર, અમદાવાદ, લખનઉ, ગુવાહાટી, મુંબઈ, મેંગલુરુ અને તિરુવનંતપુરમ. આ સાથે અદાણી ગ્રુપ વિશ્વની બીજી સૌથી મોટી સોલર એનર્જી કંપની છે.

એરપોર્ટ ડેવલપમેન્ટ પાછળ અદાણી ગ્રુપ 60000 કરોડ ખર્ચશે તાજેતરમાં અદાણી પોર્ટ્સ એન્ડ સેઝ (સેઝ)ના સીઈઓ કરણ અદાણીએ કહ્યું હતું કે અદાણી ગ્રુપ એરપોર્ટ બિઝનેસમાં 60000 કરોડ રૂપિયા ખર્ચ કરવા જઈ રહ્યું છે. અદાણી ગ્રુપ આગામી 10 વર્ષમાં રનવે, ટેક્સી વે, એરક્રાફ્ટ પાર્કિંગ સ્ટેન્ડ્સ અને ટર્મિનલ્સ તેમજ સિટી સાઇડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચ કરશે.

# નારાયણ મુર્તિએ પૌત્રને ઇન્ફોસીસના રૂ. 240 કરોડના શેરો ગિફ્ટ કર્યા

**નવી દિલ્હી, તા. 18:** ઈન્ફોસિસના કો-ફાઉન્ડર નારાયણ મૂર્તિએ પોતાના ચાર મહિનાના પૌત્ર એકાગરા રોહન મૂર્તિને રૂ. 240 કરોડના શેર ગિફ્ટ કર્યા છે. મૂર્તિએ પૌત્રને કંપનીમાં 15 લાખ શેર આપ્યા છે, જે 0.04 ટકા હિસ્સો બરાબર છે. શેરની ભેટ બાદ ઈન્ફોસિસમાં મૂર્તિનો હિસ્સો હવે 0.40 ટકાથી ઘટીને 0.36 ટકા થઈ ગયો છે. કંપનીએ એક્સચેન્જ ફાઈલિંગમાં આ જાણકારી આપી છે.

નારાયણ મૂર્તિના પુત્ર રોહન મૂર્તિ અને પુત્રવધૂ અપર્ણા કૃષ્ણન 10 નવેમ્બરના રોજ માતા-પિતા બન્યા હતા. પછી નારાયણ મૂર્તિએ સંસ્કૃત શબ્દ અખંડ ધ્યાનથી પ્રેરિત થઈને પૌત્રનું નામ એકાગરા રાખ્યું. એકાગરા પહેલાં નારાયણ મૂર્તિ અને સુધા મૂર્તિને પણ બે પૌત્રીઓ છે, કૃષ્ણા સુનક અને અનુષ્કા સુનક. બંને પુત્રીઓ યુકેના વડા પ્રધાન ઋષિ સુનક અને અક્ષતા મૂર્તિની પુત્રીઓ છે.

આ વર્ષે જાન્યુઆરીમાં મૂર્તિએ કહ્યું હતું કે પરિવારને કંપનીથી અલગ કરવો એ ખોટો નિર્ણય છે. હું વિચારતો હતો કે કોર્પોરેટ ગવર્નન્સનો અર્થ એ છે કે પરિવારોને સામેલ ન કરવા. કારણ કે એ જમાનામાં મોટા ભાગના ધંધાઓ પરિવારની માલિકીના હતા, જેમાં પરિવારના બાળકો આવીને કંપની ચલાવતા હતા. કોર્પોરેટ નિયમોનું ઘોર ઉલ્લંઘન થયું હતું.

મારો પુત્ર ઈન્ફોસિસમાં જોડાવાનું ક્યારેય નહીં કહે મૂર્તિને પૂછવામાં આવ્યું કે શું તેમનો પુત્ર રોહન મૂર્તિ હાર્વર્ડનો વિદ્વાન છે. જો તેઓ મને આવતીકાલે ઈન્ફોસિસમાં જોડાવાનું કહેશે, તો તમે શું કરશો? તેના જવાબમાં મૂર્તિએ કહ્યું કે, રોહન તેના કરતા ઘણો જ કઠોર છે. તે એવું ક્યારેય નહીં કહે. રોહન મૂર્તિ 40 વર્ષનો છે. તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી પીએચડી કર્યું છે. તે એક સોફ્ટવેર ફર્મનો માલિક પણ છે. તેમની કંપની ડેટા પ્રોસેસિંગ કરે છે.

# તાતા સન્સ રૂ. 4001ના ભાવે ટીસીએસના રૂ. 9120 કરોડના શેરો બ્લોકડીલ મારફતે વેચશે

**મુંબઇ, તા. 18:** દિગ્ગજ આઇટી કંપની ટીસીએસના શેરમાં મંગળવારે 19 માર્ચે શેરબજાર ખુલતાની સાથે જ મોટી બ્લોક ડીલ જોવા મળી શકે છે. આ બ્લક ડીલ દ્વારા તાતા સન્સના લગભગ 2.34 કરોડ શેરો એટલે કે આશરે 0.65 ટકા હિસ્સો વેચી શકે છે. આ સમગ્ર ડીલની કિંમત રૂ. 9120 કરોડની આસપાસ હોઇ શકે છે. બ્લુમબર્ગે આજરોજ એક રિપોર્ટમાં જાણકારી આપી હતી. રિપોર્ટ અનુસાર તાતા સન્સે ટીસીએસના શેર રૂ. 4001ના ભાવે વેચાણ માટે ઓફર કર્યા છે.

આ ટીસીએસના વર્તમાન ભાવથી લગભગ 3.6 ટકાના ડિસ્કાઉન્ટ પર છે. 18 માર્ચ, સોમવારે બીએસઇ પર ટીસીએસ 1.8 ટકાના ઘટાડા સાથે રૂ. 4144.25 રૂપિયા પર બંધ થયું હતું. દિવસ દરમ્યાન તે એક વખત રૂ. 4254.75ના ભાવ પર પહોંચી ગયો હતો.

31 ડિસેમ્બર, 2023ના શેરહોલ્ડિંગ પેટર્ન અનુસાર, ટીસીએસના પ્રમોટર્સ કંપનીમાં 72.41 ટકા હિસ્સો ધરાવે છે. જેમાં 72.41 ટકા હિસ્સો તાતા સન્સની પાસે છે. બાકીનો હિસ્સો તાતા ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન પાસે છે. સિટી ગ્રુપ અને જેપી મોર્ગન સુચિત બ્લોક સોદા માટે સંયુક્ત બુકરનર્સ છે.

ટીસીએસ દેશની બીજા નંબરની સૌથી વેલ્યુ લિસ્ટેડ કંપની છે. તેની માર્કેટ વેલ્યુ 15 લાખ કરોડ રૂપિયા છે. માત્ર મુકેશ અંબાણીના નેતૃત્વવાળી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની માર્કેટ વેલ્યુ 19.47 લાખ કરોડની છે. હાલમાં જ સ્પાર્ક કેપિટલે એક રિપોર્ટમાં જણાવ્યું છે કે, તાતા સન્સ સપ્ટેમ્બર 2025 સુધીમાં લિસ્ટ થઇ જાય તેવી શક્યતા છે. ત્યારબાદ તાતા ગ્રુપના શેર ફોકસમાં હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, તાતા સન્સને આરબીઆઇ દ્વારા અપર લેયર એનબીએફસી તરીકે સુચિત કર્યાને ત્રણ વર્ષ થયા છે. એસ તેની સુચિ માટેની તૈયારીઓ શરૂ કરે તેવી અપેક્ષા છે.

આરબીઆઇના આદેશમાં કેહવામાં આવ્યું છે કે, સેન્ટ્રલ બેન્ક દ્વારા ઉપલા સ્તરની એનબીએફસી તરીકે સુચિત કર્યા પછી કંપનીને ત્રણ વર્ષની અંદર, સુચિબદ્ધ કરવી પડશે. તાતા સન્સને સપ્ટેમ્બર 2022માં સુચિત કરવામાં આવી હતી.

### યાર્ન બજાર

જીએસટી સાથેના ભાવ
સુરત નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.** | | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૯.૭૫ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૬.૫૦ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૬૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૨૯ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ |
| ૬૮/૩૬ | ૧૨૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૬ | ૬૮ ક્રિમ્પ | ૧૩૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ | ૭૫ ક્રિમ્પ | ૧૨૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૦ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૭ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૯ | ૩૦/૩૬ એફડી | --- |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૮૦૦ | કોપરેલ | ૨૮૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૬૦૦ | વનસ્પતિ ઘી | ૧૮૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૮૦ | સનફ્લાવર | ૧૬૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૧૮૮૦ | તલતેલ | ૬૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૧૭૫૦ | દિવેલ | ૨૨૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૬૪૦ | મકાઇ તેલ | ૧૯૫૦ |
| સરસીયું તેલ | ૨૧૦૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)


| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૬૭૬૦૦ |
| તેજાબી સોનું | ૬૭૫૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૬૪૨૨૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૬૬૨૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૬૭૬૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૭૬૨૦૦ |
| ચાંદી સિક્કા | ૭૭૭૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર


પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-૩૦ | ૪૧૫૦ |
| એસ-૩૦ | ૪૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૦૫૦ |
| એસ-૩૦ | ૪૦૦૦ |

### સુડોકુ - ૪૭૬૫ - 'કૃતિ'



- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા


મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ઉરઃક્ષત ફેફસાંમાં ચાંદુ**

કોવિડના ઉપદ્રવ પછી, ફેફસાની નબળાઈના કિસ્સા વધ્યા જણાય છે. ઉપરાંત રક્તપિત્ત અર્થાત્ શરીરમાં લોહીનું વહેવું - હિમરેજ માટે પૂજ્ય બાપાજી નો એક પ્રયોગ જુઓ. જેઠીમધ દશ ગ્રામ, મુનક્કા દ્રાક્ષ દશ ગ્રામ, ત્રિફળા પાંચ ગ્રામ, અરડૂસીના પાનનું ચૂર્ણ દશ ગ્રામ લઈ 500 મીલી પાણીમાં ધીમા તાપે ઉકાળવું. આશરે 100 મીલી પાણી બાકી રહે ત્યારે ગાળી પી જવું. રોજ તાજો ઉકાળો કરી પીવો. આશરે છ અઠવાડિયા પ્રયોગ ચાલુ રાખવો.

### શબ્દગુંફન - ૬૬૧૭

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. એક કાલ્પનિક મણિ (૪)
૪. જુસ્સો, બળ (૨)
૬. ઠંડુ, ટાઢું (૩)
૮. નમેલું (૨)
૯. અવાજ (૨)
૧૧. લેખ, દસ્તાવેજ (૨)
૧૨. વગાડવું તે (૩)
૧૩. હાજર હોવું તે (૩)
૧૪. નકામું, બાદ કરેલું (૨)
૧૫. એક મીઠી વાનગી (૨)
૧૬. પહેલવાન (૨)
૧૭. કર્તવ્ય (૩)
૧૯. એક કઠોળ (૨)
૨૦. છળ, પ્રપંચ (૩)
૨૨. એક દિવસની મજૂરી (૨)
૨૪. ઝાકળ (૪)
૨૭. ઉપકાર (૨)
૨૮. ધૂળના થરવાળી જમીન (૨)
૩૦. ભપકો, રોફ (૩)
૩૨. દુર્બળ, સુકલકડી (૪)
૩૩. નકામું (૨)
૩૪. મસાલામાં વપરાતું સોડમવાળું એક બીયું (૨)
૩૫. જોઇએ તેટલું ખર્ચ કરવું તે (૫)

**ઊભી ચાવી**

૧. રૂ કાંતીને કાઢેલો તાર (૩)
૨. ઇચ્છિત, પ્રિય (૨)
૩. વિજય (૨)
૫. ચિંતન કરવાના સ્વભાવવાળું (૪)
૬. શીતળ, ટાઢું, ઠંડું (૨)
૭. ફેંસલા માટેનું પંચ (૩)
૧૦. પ્રેમની લાગણી (૪)
૧૧. ચોમાસુ પાક (૩)
૧૪. જરાક, ધૂળ (૨)
૧૬. મુરાદ, ધારણા (૪)
૧૮. આંખની કીકી (૩)
૧૯. પીડા, કંટાળો, ત્રાસ (૨)
૨૧. સ્થિર નજર (૨)
૨૩. આબરૂદાર (૫)
૨૫. ફાયદો, ફત્તેહ (૪)
૨૬. કેફ, અભિમાન (૨)
૨૯. એક વાદ્ય, ડાકલું (3)
૩૧. માહિતગાર, જાણકાર (૩)
33. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)



### આજનું પંચાંગ

**તા. 19/03/2024, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1945
**વીર સંવત :** 2550 **માસ :** ફાગણ
**તિથિ:** સુદ: દશમ: 24:22,
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 29
**નક્ષત્ર :** પુનર્વસુ : 20:10
**યોગ:** શોભન **કરણ :** તૈતિલ
**રાશિ :** મિથુન (ક,છ,ઘ) 13:37 પછી કર્ક
**દિવસ :** સામાન્ય
**સુરતમાં સૂર્યોદય :** 06:45 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:48
**નવકારસી :** 07:33
**પારસી વર્ષ :** 1393, આવાં માસનો 07મો રોજ
**મુસલમાન વર્ષ :** 1445, રમજાન માસનો 08મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે : 15:00 થી 16:30 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ.લ.ઇ.):** પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. નિડર અને સ્વતંત્ર બનશો, વિવાદ ટાળવો.

**વૃષભ (બ.વ.ઉ.):** કૌટુંબિક પ્રસંગમાં વ્યસ્ત રહેવાનું થાય, ખર્ચા વધશે. ઘરમાં અશાંતિ રહે.

**મથુન (ક.છ.ઘ.):** સમાજમાં યશ મળે. નવા કામ માટે આયોજન થાય. અચાનક પ્રવાસ થાય.

**કર્ક (ડ.હ.):** પડવા-વાગવાથી સાવધાન રહેવું. વિદેશ પ્રવાસના કામમાં ગતિ આવે.

**સિંહ (મ.ટ.):** મિત્રો સાથે ગેરસમજ પેદા થાય. વિદ્યાર્થીઓને મદદ મળે.

**કન્યા (પ.ઠ.ણ.):** સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં અચાનક આવક વધે.

**તુલા (ર.ત.):** જીવનસાથી અને વડીલોના સાથથી આવક માટેના નવા રસ્તા મળે.

**વૃશ્ચિક (ન.ય.):** અચાનક ઉઘરાણી આવે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં મદદ મળે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** સામાજિક પ્રવૃત્તિ થાય. રોજના કામમાં મદદ મળે. ઘરમાં તાલમેળ રહે.

**મકર (ખ.જ.):** લેવડ-દેવડમાં સાવધાન રહેવું. નિડરતા અને ઉગ્રતા કામમાં વિલંબ કરે.

**કુંભ (ગ.સ.શ.ષ.):** નવી શિક્ષણ નીતિનો લાભ વિદ્યાર્થીઓને મળે. નવાં રોકાણ થાય.

**મીન (દ.ચ.ઝ.થ.):** ઘરનાં કામનો બોજ વધશે. વડીલોના પ્રશ્નો અને ખર્ચા વધે.

### કોઇ પણ સાલમાં 19 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં અનુકૂળતા સાથે ચડતીપડતી અને કાર્યબોજ રહે. નવી ટેક્નોલોજી પ્રમાણે કામ કરવું પડે. નવા ધંધા-વ્યવસાયના આયોજનમાં સંઘર્ષ રહેશે. સમાજમાં સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. આરોગ્ય બાબતે ખર્ચા વધશે. ઉઘરાણીની ચિંતા અને સંતાનોના ખર્ચા સતાવે. વારસાના કામમાં વિઘ્નો આવે. વિદેશનાં કામ ધીમાં પડશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. ઘર,વાહન,મકાન બાબતે વર્ષની શરૂઆતમાં અનુકૂળતા રહે. વર્ષના મધ્યમાં નવી આવકની યોજના પાર પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઇ-ઓગસ્ટમાં અચાનક લાભ થાય. નવેમ્બર-ડિસેમ્બરમાં ખર્ચા વધે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ રોયલ નેટ સ્પાઈક 9737166947, 8758533196

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**President Pest Control**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા TV, LCD, LED**
રીપેરીંગ દરેક વિસ્તારમાં દામીની ઈલેકટ્રોનીકસ અડાજણ, 9898302700 (2445)

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેકટ્રોનિકસ, મોબાઈલ, રીમોટ, વિનોદ રેડિયો. લાલદરવાજા, 9328436184 (2446)

**હિંચકાના કડા 700**
જોડીના, તોડફોડ વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ મુન્નાભાઈ: 9904467405 (2479)

નોકરી વિષયક

**ઉમરા ગામ પીપલોદ**
વિસ્તારમાં લોરાઈઝ લિફ્ટ વાળા બિલ્ડીંગમાં ત્રીજા માળે 3 BHK - 1400 સ્કેવર ફૂટનો ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે, 9662051237

**GSACS અનુદાનીત**
એકતા મહિલા મંડળ, લક્ષ્ય ટ્રસ્ટ-યુનિટ-4, પારસ પી.એસ.એમ-યુનિટ-૨ સુરત ટી.આઈ પ્રોજેક્ટ માટે સ્ટાફની ફિક્સ પગારથી ભરતી માટે ઈન્ટરવ્યું રાખેલ છે. એમ & ઈ કમ એકાઉન્ટન્ટ (2) લાયકાત બી.કોમ સાથે tally ના જાણકાર, પગાર - 1600 + T.A કાઉન્સેલર - (1)- લાયકાતઃ MSW પગાર- 1600 + TA આઉટ રીચ વર્કર- (3)- લાયકાત ગ્રેજ્યુએટ પગાર- 10500-T.A તારીખ:21-03-2024 સમય 11 થી 1 સ્થળ -એકતા મહિલા મંડળ, 2/4340-ક છાપગર શેરી જૂની મહાવીર હોસ્પિટલની બાજુમાં. સગરામપુરા, સુરત. ૭૯૮૪૦૧૨૩૩૮

મિલ્કત વેચવાની છે

**રાંદેર રોડ પર હોસ્પિટલ**
વેચવાની છે. ત્રણ માળની 20 બેડની કેપેસીટી 8238831945 (2379)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ચારધામ યાત્રા**
દિવસ 14 એસી ટ્રેન, ગુજરાતી ભોજન, હોટલ, તારીખ 12 જુન, 1 સપ્ટેમ્બર 9099162164 (2490)




**સાંઇયાત્રા સ્લીપર**
અયોધ્યા 8 દિવસ 5/4. હોલી સ્પેશ્યલ રંગીલો રાજસ્થાન 4 દિવસ 22/3. અષ્ટવિનાયક, પાંચજ્યોતિલિંગ 7 દિવસ 6/4. ઉત્તરાખંડ, ચારધામ 18 દિવસ 10/5. 9824123641. (2491)

વાહન લે-વેચ

**જુની બંધ હાલતમાં**
2-વ્હીલર, 4- વ્હીલર, વેચવા માટે સંપર્ક કરો - 9427178600 (2492)

વ્યવસાયીક જ્યોતિષ

**નર્મદા કિનારે**
કાલસર્પ પિત્રુદોષ નિવારણ અમાવસે, જન્મ પત્રિકા માર્ગદર્શન તુલસી મહારાજ શક્તિવિર હનુમાન મંદિર, સીટીલાઇટ રોડ, સુરત. 9825294833

મિલ્કત ભાડે -વેચાણ

**દુકાન વેચાણ/ ભાડેથી**
આપવાની છે, ગ્રાઉન્ડ ફ્લોર (G-34, 35, & 36) એટલાન્ટા શોપીંગ મોલ, અલથાણ, સુરત, 8141752814, 9104890631

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.